

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કાશ્મીરી કુટિલો પણ 'કોરોના'નો ચેપ છે!*
*ચીને ચિતરી દીધેલો નેપાળનો મેપ છે!*
*લેપ છે પિડાસામક, આપણું અમેરિકા -*
*પડોશીને પંપાળવા જવું ખોટી ખેપ છે!*

હાઈકુ

*સાહિત્યકારો -*
*'યૂનંદા' નાગરિકો -*
*છે ગણ્યા-ગાંઠ્યા ?!*
*(નગરમાં માત્ર ફૂઈ-રતનીયો?!)*

*સમાતા નથી -*
*અંગમાં એકાકાર -*
*નખ વેગડા ?!*
*(અલગાવવાદીઓ!)*

### ચિંતન

**યથા ચિત્તં તથા વાચો યથા વાચસ્થા ક્રિયાઃ ।**
**ચિત્તે વાચિ ક્રિયાયાં ચ સાધનમેકરુપતા ॥**

ઉપરોક્ત શ્લોક 'શ્રી સુભાષિત પદ્યાવલિ'માંથી લેવામાં આવેલ છે.

સજ્જનોનું જેવું મન હોય છે તેવી જ વાણી હોય છે. જેવી વાણી તેવું વર્તન હોય છે. આમ મન, વાણી અને કર્મમાં સમાનપણું રહેલું છે.

સજ્જન એને કહેવાય એ જે મનમાં વિચારે (સાત્ત્વિક અને સત્ય) એવું જ બોલતા હોય અને એવું જ એનું આચરણ અને વર્તન હોય છે.

જ્યારે દુર્જનોના મનમાં કંઈક જુદું જ ચાલતું હોય છતાં હોઠ-હાસ્ય અને વાણીમાં તેનાથી વિપરીત જ કરતા - બોલતા હોય જ્યારે વર્તન અને આચરણમાં એનાથી પણ અલગ જ હોય છે. નેતાશ્રીનો દાખલો જોઈ લેવો.

### સુવિચાર

- ક્યારેક મનને મનાવવું પડે છે, અને ન માને તો આખરે મારવું પણ પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈચ્છા મૃત્યુ એટલે મૃત્યુની ઈચ્છા અને સમાધિ મરણ એટલે મરણ વેળાએ સમતા-સમાધિ... - **શાંતિ સૌરભ**
- 'પુરાણી' વાતો ભૂલી જાય તો પુરાણીનો પુ નષ્ટ પામે અને તેની જિંદગી રાણીની જેમ સુશોભિથ બને છે - **અખંડ આનંદ**
- સાહબ, ઘાયલ તો યહાં હર એક પરિંદા હૈ, લેકિન... જો ફિર સે ઉડ શકે વોહી જિંદા હૈ - **શરદ ચતુર્વેદી**
- ગમતા સંબંધો સાચવી રાખજો, જો એ ખોવાશે ને તો ગૂગલ પણ નહીં શોધી શકે - **જય વસાવડા**
- જે લોકોનો આપણને પરિચય હોતો નથી, તેમની વાત આપણે તરત જ માની લઈએ છીએ, કારણ કે, તેમને અગાઉ આપણને છેતર્યા હોતા નથી - **મુનિ રાજહેમવીર**
- આજનું ઔષધ : અડધો ગ્રામ અજમાનો ભૂકો એકગ્રામ સંચળ પાઉડર રોજ ગરમ પાણી સાથે બાળકોને આપવાથી કૃમિ રોગ મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ફ્રાન્સના એક નાના ગામમાં એક માળી હતો. આમ તો તે બગીચાની ઉત્તમ જાળવણી કરતો. અને ફુર્સતના સમયમાં માટીનાં કુંડા બનાવતો. અને તેને પોતે જ તોડી નાખતો. લોકો તેને પાગલ ગણતા. એકવાર તેના મિત્રએ આવું કરવાનું કારણ પૂછ્યું. પણ માળીએ તેના મિત્રનો સવાલ હસવામાં કાઢી નાખ્યો. થોડા વખત પછી સિમેન્ટમાં રેતી ઉમેરી કુંડા બનાવી જોયા અને એ કુંડા પણ લાકડીનો ફટકો મારી તોડી નાખતા. મિત્રએ ફરી તેને પૂછ્યું કે, આવું શું કામ કરે છે. આ વખતે માળીએ જવાબ આપતા કહ્યું, 'હું એવું કુંડું બનાવવા માંગુ છું. જે મજબૂત હોય અને વજનમાં હળવું પણ હોય.' મિત્ર તેની વાત ઉપર હસ્યો અને કહ્યું, 'ભાઈ, મજબૂત કુંડું બનાવીશ તો તે વજનમાં ભારે જ થશે. હળવું નહીં હોય.' માળીએ પરવા કર્યા વગર કુંડા બનાવવા તોડવાની ધૂનમાં નવા પ્રયોગો ચાલુ રાખ્યા. એક વાર તેણે તાર લપેટીને કુંડું બનાવ્યું... તેને કાટ ચડી ગયો તેણે કુંડાની અંદર તાર લપેટ્યા. અને એવું લીંબું બનાવ્યું જેમાં વચ્ચે સિમેન્ટ-રેતીમાં રગડો ભર્યો. બીજે દિવસે બીબુ ખોલી જોયું તો તે કુંડું હળવું પણ બન્યું હતું. જલ્દીથી તૂટે તેવું પણ ન હતું. તારને કાટ પણ લાગી ન શક્યો. આ વાતનો અભ્યાસ તેણે મકાનોના નિર્માણ કરનારા એક સજ્જનને વર્ણન કર્યો. ત્યારબાદ પેલા સજ્જને મકાનોના નિર્માણમાં આ પદ્ધતિનો ઉપયોગ કર્યો. આંતરિક મજબુતાઈ વધે તો મન હોય કે વસ્તુ, એની નક્કરતા વધી જાય છે. મકાન નિર્માણની આ શોધ કરનારો એ પાગલ જોસેફ મોનિયર હતો.

# ॥ સિયારામ મય સબ જગ જાનિ ॥

**તંત્રીસ્થાનેથી...**

બરાબર પાંચ સૈકા પછી રામભક્તો માટે વિસ્થાપિત રામલલાને એમના જન્મસ્થાનમાં ભવ્યતાપૂર્વક પુનઃ સ્થાપિત કરવાનો સ્વર્ણિમ અવસર આવી પૂગ્યો છે. સ્વાભાવિક છે કે એનો ઉત્સાહ અને ઉલ્લાસ શબ્દોના સીમાડામાં બંધાય એવો જ ન હોય. કોરોના સંકટ ન આવ્યું હોત તો અયોધ્યામાં તમામ પ્રજાજનો ઉપરાંત દેશ અને દુનિયામાંથી રામભક્તો ઊમટ્યા હોત અને અત્યાર સુધીના તમામ મેળાવડાઓ કરતાં ઘણો મોટો માનવ મહેરામણ સરયૂ કાંઠે ઊમટ્યો હોત. પરિસ્થિતિ વશ ફક્ત પોણા બસો વ્યક્તિઓને જ નિમંત્રણ પાઠવી શકાયાં છે અને નિમંત્રણ પત્ર વગર પ્રવેશ શક્ય નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવનની આ ધન્ય ક્ષણ છે. જે લહાવો સરદાર પટેલઅને તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને સોમનાથના જીર્ણોદ્ધાર પ્રસંગે સાંપડેલો એથી સવાયો ધર્મલાભ વડાપ્રધાન નરેન્દ્રભાઈને મળી રહ્યો છે તે એમાં કર્મોનું જ ફળ ગણવું રહ્યું. જો ખરેખર કિસ્મત જેવું કંઈ હોય તો મોદી આ સમયના સૌથી નબીબદાર હિંદુ છે એમ જ માનવું પડે. રામજન્મભૂમિ આંદોલનના પ્રણેતા લાલકૃષ્ણ અડવાણી સૌથી કમનસીબ માનવી ગણાશે કારણ કે રામલલાએ એમને અયોધ્યા આવવા નોતર્યા નથી. એમને ફક્ત એમના નિવાસસ્થાને રહી આ કાર્યક્રમ જોઈ આંસુ સારવાનાં છે અને પોતાની બદનસીબી પર નિસાસા નાખવાના છે. એમના વરદ રસ્તે ભૂમિ પૂજન કે શિલાન્યાસ ન થઈ શક્યું એ પણ કેવળ નસીબની જ બલિહારી કે બીજું કાંઈ ? અડવાણી અને મુરલી મનોહર જોષી કે પોતે તત્કાલીન કોંગ્રેસી વડાપ્રધાનને બાબરી સુરક્ષાનું વચન આપ્યું હોવા છતાં ધરાર એનો ધ્વંસ કરવાની અનુકૂળતા કરી આપનાર તત્કાલીન મુખ્યમંત્રી કલ્યાણસિંહ આ પ્રસંગે પ્રેક્ષક તરીકે પણ હાજર નથી રહી શકતા એ શું ખુદ ભગવાન રામચંદ્રજીએ જ ફરમાવેલી સજા નથી? લોકો તો એને મોદીનું અંગત રાજકારણ ગણી હસી નાખશે, પરંતુ જો સૃષ્ટિનું સંચાલન કરનાર કોઈ 'સુપર પાવર'નું અસ્તિત્વ હોય તો જરૂર આ એનો જ ચુકાદો છે જેનો ટ્રસ્ટના સંચાલકો અને એમના ઉપર નજર રાખનારા વડાપ્રધાન અમલ માત્ર કરાવી રહ્યા છે. આપણાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેનનું કિસ્મત તો જુઓ ! જો તેઓ ઉત્તરપ્રદેશનાં રાજયપાલ ન હોત તો આજે મંચ પર એમનું સ્થાન હોત ખરું? ખુદ જગદ્‌ગુરુ શંકરાચાર્ય મંચ પર નહીં હોય બલકે એમને નિમંત્રણ પણ મોકલાયું હશે કે કેમ તે પ્રશ્ન છે. પ્રસંશનીય બાબત એ છે કે એમાં અંસારી જેવા બાબરી માટે ઝઝૂમતા માણસને અને એવા બીજા એક મુસ્લિમ બંધુને એમનાં લોકહિતનાં માનવતાપૂર્ણ કામ કરવા બદલ આમંત્રણ અપાયું છે. કોંગ્રેસી નેતા દિગ્વિજયસિંહ ખોટી રીતે અવૈજ્ઞાનિક મુદ્દા ઉપસ્થિત કરી બુદ્ધિનું દેવાળું ફૂંકી રહ્યા છે. એમને અશુભ મુહૂર્તમાં શિલાન્યાસ કરાતો હોઈ ઉત્તરુપ્રદેશની ભાજપ સરકારનાં મહિલા મંત્રીનું મૃત્યુ થયું હોવાની વાત કરી છે. ભાજપના ઉત્તરપ્રદેશ એકમના પ્રમુખ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને કોરોના સંક્રમણ થયું છે - એ માટે પણ આ જ બાબત જવાબદાર હોવાનું કહ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા આટલી હદે અંધશ્રદ્ધા ધરાવતા હોય તો એમની સરખામણીમાં 'શુભસ્ય શીઘ્રમ્' વાળા સિદ્ધાંતમાં માનનારા મોદી અને ટ્રસ્ટ સંવાહકોનો વૈજ્ઞાનિક અભિગમ જરૂર પ્રશંસનીય ગણાશે. સંઘના વડા મોહન ભાગવતને મુખ્યમ મહેમાનની ભૂમિકામાં મૂકીને ટ્રસ્ટે એની શાખા-પ્રશાખાઓની બોલતી બંધ કરી દીધી છે.

# સાચી સમજ કેળવાતાં ગામ લોકોમાં ભય હતો તે ઓછો થયો



**નવાં કલેવર**

નટવર હેડાઉ

કોરોનાની બિમારીથી આખા ગામના લોકો હેરાન પરેશાન હતા. કંઈ ખબર પડતી ન હતી તેથી ભયભીત પણ હતા. શહેરમાં હટાણું કરવા જવાનું બંધ થઈ ગયું હતું. સવારે દૂધની ગાડી આવતી. એટલે બધા લોકો દૂધ લઈ લેતા. સરકારના આદેશ અનુસાર સવારે આઠથી દશ વાગ્યા સુધી ગામની દુકાનો ખુલતી. લોકો કરિયાણું અને શાકભાજી ખરીધી લેતા. મજુરોનાં દુકાનમાં ઉધાર ખાતાં ચાલતાં. મજુરીના પૈસા મળે એટલે તે લોકો દુકાનદારને ચૂકવી દેતા.

પણ આ વખતે તો હદ થઈ ગઈ. વીસ દિવસથી વધુ થઈ ગયા. વાહન વ્યવહાર બંધ હતો. બજારો પણ ખુલતાં ન હતા. મજુરો પાસે કામ કરાવવા કોઈ તૈયાર ન હતું. તેથી મજુરી કામ કરતા લોકોની હાલત કફોડી થઈ રહી હતી. કોઈ ખેતરમાં જઈ કામ કરતા હતા તો કોઈ ઘરનાં કામ પતાવતા હતા. પણ ઘણા બધા લોકો એવા હતા. જેમનું મન ઘરમાં ચોંટતું ન હતું. છતાં પરાણે ઘરમાં ચોંટી રહેવું પડતું હતું.

દુકાને દૂધ લેવા આવેલા ગામના વડીલ વૃદ્ધ પબુજી બોલ્યા. કાલે હિંમતનગરમાં માતાજી પ્રગટ થયા છે. તેમને એમ કહ્યું છે કે ગામના કૂવા કે તળાવની ૭ મીટર દૂર પશ્ચિમ દિશામાં ખોંદવાથી ભસ્મ નીકળશે. તેનું તિલક કરવાથી કોરોનાનો રોગ મટી જશે.

પબુજીની વાત સાંભળી ગામના મુખી શામળ શેઠ કૂવા પાસે ગયા. તેમને કૂવાથી ૭ મીટર પશ્ચિમની જગાનું અનુમાન કર્યું. તેમને વિચાર્યું કે કોરોનાનો ઈલાજ શોધવાનું શ્રેય મને મળવું જોઈએ. જેનાથી ગામમાં મારી ધાક બેસી જશે. તેમને પશ્ચિમ દિશાની સઘળી જમીન જાતે સાફ કરી, તેમાં અચાનક ઝાડીમાં એક મોટો નાગ ફેંણ ડોલાવતો દેખાયો. તે પાછા હટી ગયા. તે દરમિયાન નારાયણ આશ્રમના મહંત સ્વામી બળદેવગીરી શિવાલય તરફ જઈ રહ્યા હતા. કુવા પાસે ઉભેલા શામળ શેઠ તેમને પ્રણામ કરી ભસ્મ નીકળવાની અને તેનાથી કોરોનાનો ઈલાજ થશે એ વાત કરી.

સ્વામી બળદેવગીરી હસી પડ્યા અને બોલ્યા. 'શામળ શેટ કોરોનાની આજ સુધી કોઈ દવા બની નથી. આ રોગનું સંક્રમણ ઉધરસ, શરદીને કારણે છીંકો આવવાથી ફેલાય છે. આ વાયરસથી બચવાનો એક જ ઉપાય છે. દરેક જણે મોં પણ રુમાલ કે માસ્ક બાંધી રાખવું પડે. જયાં ભીડ ભાડ હોય ત્યાં ન જવું. જવું જ પડે તો એક બીજા વચ્ચે અંતર રાખી બેસવું કે ઉભા રહેવું, તમે વળી આવી અંધશ્રદ્ધામાં કયાંથી આવી ગયાં.

'પણ આ નાગ?' ડરતાં ડરતાં શામળજી શેઠ બોલ્યા.

'આ નાગદેવતાનું ઘર છે. તમે ઝાડી ઝાંખરાં સાફ કરી નાંખ્યા એટલે એ બહાર આવ્યા. આપણે તેને હેરાન કરીશું તો એ પણ પોતાનો બચાવ તો કરશે જ ને ? તમે તો ગામના મુખી છો. સૌને કોરોના બાબતે સાચી વાત સમજાવો.' એમ કહી સ્વામી બળદેવગીરી શિવાલય તરફ ચાલી નીકળ્યા.

સ્વામીની વાત સાંભળી શામળજી શેઠ ઈરાદો બદલી નાંખ્યો. અને ગામ લોકોને માસ્ક પહેરવા અને એકબીજાથી અંતર રાખવા માટે સમજ આપવા લાગ્યા.

સાચી સમજ કેળવાતાં ગામ લોકોમાં જે ભય હતો તે ઓછો થયો.

# સંબંધોનો અભાવ : વ્યક્તિને અંદરથી ખોખલી કરી દેતી હોય છે



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક નિવૃત વ્યકિત છે. છેલ્લા ચાર-પાંચ વર્ષથી નિવૃત જીવન વિતાવે છે. એ વ્યક્તિ નિવૃત થઈ એ પહેલા થોડા વર્ષો પૂર્વે તેમની પત્નીનું અકાળે અવસાન થયું હતું. તેમને એક દીકરી છે જેને ઘરે પણ બાળકો છે અને એ દીકરી સાસરે સુખી છે. એ વ્યકિતને બે દીકરા છે. મોટા દીકરાના લગ્ન થઈ ગયા છે જેને ઘેર પણ બાળકો છે. નાનો દીકરો જે કુંવારો છે અને તે મોટા દીકરા સાથે રહે છે. પેલી વ્યક્તિ પોતાનું વતન, જ્યાં તેમનું પોતાનું મકાન છે એવા એક નાના શહેરમાં રહે છે. નોકરી દરમ્યાન પણ એ વ્યકિતએ પોતાનાં શહેરમાં ધણા વર્ષો નોકરી કરી હતી. એ વ્યકિતનાં મા-બાપ એક બીજા નાના શહેરમાં રહે છે જ્યાં તેઓ પહેલેથી જ રહે છે. તેનો એક ભાઈ જે પોતાનાં કુટુંબ સાથે એક બીજા મોટા શહેરમાં રહે છે. બંને દીકરા અને ભાઈ વ્યવસાય અર્થે જુદા જુદા શહેરોમાં જઈને વસ્યા છે. એ વ્યકિત એક એવા વિભાગમાં નોકરી કરતી હતી જ્યાં યુવાનો સાથે સતત સંપર્કમાં રહેવાનું થતું. પોતાનાં નોકરીકાળ દરમ્યાન એ વ્યકિત કદાચ હજારો યુવકો-યુવતીઓના સંપર્કમાં આવી હશે અને પ્રસંગોપાત એ યુવાનો સાથે બે-પાંચ દિવસનાં પ્રવાસો પણ કર્યા હશે, આનંદથી દિવસો વિતાવ્યા હશે અને તેમાથી કોઈને સારા મિત્રો પણ બનાવ્યા હશે. આમ એ વ્યક્તિની નોકરીના કાર્યક્ષેત્રના આધારે એવું અનુમાન કરી શકાય કે એ વ્યક્તિનું મિત્રવર્તુળ પણ મોટું હોય હશે.

એ વ્યક્તિ પોતાનાં દીકરાઓના, પોતાની સ્વર્ગસ્થ પત્નીના, દીકરીના, મા-બાપના, પૌત્ર, પૌત્રી અને દોહિત્રીનાં ફોટો સોસિયલ મીડીયા ઉપર પ્રસંગોપાત મૂક્યા કરે છે. એ એવા ફોટોગ્રાફસ કે તેઓ એકબીજાને મળ્યા હોય, સાથે કાઈ પ્રસંગ માણ્યો હોય અને આનંદ કર્યો હોય. સોસિયલ મીડીયા ઉપર એ વ્યકિત ક્યારેક શાયરીઓ, કેટલાક બૌદ્ધિક વિચારો, અને વિવિધ પ્રકારના લખાણો પણ પોષ્ટ કર્યા કરે છે. એ લખાણો ઉપરથી ઘણીવાર એવું લાગે કે એ વ્યક્તિ પોતે એકદમ એકલી પડી ગઈ છે, કુટુંબીજનોએ તેને છોડી દીધી છે, કુટુંબીજનો સાથેના સંબંધો થકી પોતાની લાગણીને ઠેસ પહોંચી છે. પોતાના સંબંધીઓ થકી એ વ્યક્તિ દુઃખી હોય, સંબંધો થકી એ વ્યક્તિ અગમ્ય પીડા અનુભતી હોય એવી પ્રતિતી તેનાં સોસિયલ મીડિયાનાં લખાણો ઉપરથી થયા કરે છે.

એ વ્યકિતએ સોસિયલ મીડીયા ઉપર પોષ્ટ કરેલા છેલ્લા એકાદ વર્ષનાં લખાણોનું જો કોઈ મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરે તો એવું તારણ અવશ્ય નીકળે કે એ વ્યક્તિને સતત કઈક પીડા થયા કરે છે. એ વ્યકિતનાં જીવનમાં કઈક એવો અભાવ છે જેને કારણે એ વ્યક્તિ દુખી થયા કરે છે. એ વ્યક્તિના દુઃખનું, એ વ્યક્તિની પીડાનું કારણ છે કઈક અભાવ. એ અભાવની પીડા એ વ્યક્તિ પોતાના લખાણો અને ફોટોગ્રાફસ દ્વારા સોસિયલ મીડિયા ઉપર સતત વ્યક્ત કર્યા કરે છે. એવું લાગે છે કે એ વ્યકિતના જીવનમાં સાચા સંબંધોનો અભાવ છે. બે દીકરા, દીકરી, પૌત્રો, દોહોત્રિ, ભાઈ, ભત્રીજા, મા-બાપની હયાતી છતાં એ વ્યક્તિને સંબંધોનો અભાવ સાલતો હોય એ એક દુઃખદ આશ્ચર્યની વાત કહી શકાય.

જીવનમાં જે કઈ અભાવ હોય પણ તેની પીડા અસહ્ય જ હોય છે. કોઈને નાણાંનો અભાવ, કોઈને રહેઠાણનો અભાવ, કોઈને રોજગારીનો અભાવ, કોઈને જીવનસાથીનો અભાવ, કોઈને મા-બાપનો અભાવ, કોઈને બાળકોનો અભાવ, કોઈને સ્નેહીઓ અને મિત્રોનો અભાવ, કોઈને સંબંધોનો અભાવ, આમ જે કઈ અભાવ હોય, એ અભાવ વધારે-ઓછી પીડા આપે જ છે.

એવું પણ બનતું હોય છે કે કોઈ વ્યક્તિને જીવનમાં ખરેખર કોઈ નિશ્ચિત અભાવ ના હોય પણ જ્યારે એ વ્યક્તિ પોતાની પાસે જે છે તેની સરખામણી બીજા પાસે છે તેની સાથે કરતી હોય છે ત્યારે પણ તેને કઈક અભાવ સાલતો હોય છે. બીજા કરતાં મારી પાસે ઓછું છે, બીજા કરતાં મારી પાસે નબળું છે, બીજા કરતાં મારી પાસે કદરૂપું છે, બીજા કરતાં મારી પાસે ઓછું શક્તિશાળી છે, બીજા કરતાં મારી પાસે નાનું છે, આમ બીજા પાસે જે હોય છે તેની સાથે આપણી પાસે હોય તેની સરખામણી કરીને આપણે આપણાં જીવનમાં અભાવને જન્મ આપતા હોઈએ છે. એકવાર અભાવનો જન્મ થાય પછી તેનું પાલન પોષણ કરતાં રહીએ છીએ અને અભાવને મોટો પણ કરતાં રહીએ છીએ. આપણાં જીવનમાં એકવાર એ અભાવ રાક્ષસી સ્વરૂપ ધારણ કરી લે છે પછી એ રાક્ષસને મારવો મુશ્કેલ જ નહીં, અશક્ય બની જતું હોય છે. વ્યક્તિએ આમ માનસિક રીતે ઊભા કરેલા પોતાના અભાવને કારણે પણ વ્યક્તિને પીડા થતી હોય છે. એ અભાવ આપણાં મનની ઉપજ હોય છે અને પીડા પણ. માનસિક રીતે આપણે ઊભો કરેલો અભાવ જો સંબંધોનો અભાવ હોય તો તેની માત્ર પીડા જ નહીં તેનું પરીણામ પણ ક્યારેક આઘાતજનક આવતું હોય છે.

ઘણાબધા પ્રકારના અભાવ વચ્ચે સંબંધોના અભાવને કારણે વ્યક્તિએ જે વેદના વંઢેરવી પડતી હોય છે એ ના સહી શકાય અને ના કોઈને કહી શકાય એવી હોય છે. એ વેદના ઊધઈની જેમ વ્યક્તિને ધીમે ધીમે કોરી ખાતી હોય છે જેની ક્યારેક એ વ્યક્તિને ખુદને પણ ખબર નથી હોતી. ક્યારેક બહારથી ખુશ-મિજાજી અને સુખી દેખાતી વ્યક્તિ સંબંધોના અભાવને કારણે અંદરથી ખોખલી થઈ ગયેલી હોય છે. અંદરનું એ ખોખલાપણું વ્યક્તિને સુખેથી જીવવા પણ નથી દેતું અને ચેનથી મરવા પણ નથી દેતું. એ વ્યક્તિ મરવા વાંકે જીવતી હોય છે અને ના ખમી શકાય એવો જીવનનો ભાર વંઢેરતી હોય છે. પોતાના જીવનમાં સંબંધોના અભાવને કારણે, નિર્જનતાને કારણે એકલતા અનુભવતી વ્યક્તિના જીવનનો અંત પણ ક્યારેક આકસ્મિક રીતે અચાનક જ આવતો હોય છે જેના કારણો કાયમ માટે અગમ્ય રહી જતાં હોય છે.

(ક્રમશઃ)

# એક મહાદેવનું મંદિર, નદી તટ, ભીની કેડી અને ભીનું હૃદય



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ધોમધખતી ગરમીની ઋતુ પૂરી થાય પછી અષાઢ માસથી ઋતુનું જે પરિવર્તન આવે એ ખુબ આનંદ-ઉલ્લાસથી જીવન ને પ્રતિ વર્ષ ભરી દે છે. પરંતુ ૨૦૨૦ના વર્ષમાં માનવજીવન ઉપર નઝર લાગી ચૂકી છે અને મહામારી કોરોના - કોવિડનું સંક્રમણ ચાલી રહ્યું છે વર્ષો જૂની પરંપરાગત ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા પણ અષાઢી બીજે નીકળી શકી નહીં. આજે પૂરા વિશ્વમાં દિવસ-રાત એક જ ચિંતા માનવીને સતત્ રહે છે કે આ મહામારીનું સંક્રમણ ના લાગે અને ભગવાન જ રક્ષા કરે !!

આ વાઈરસ વિશે કોઈ નક્કર કશું જાણતું નથી પરંતુ એનો ચેપ વ્યાપક છે એ પણ એક વાસ્તવિકત આપત્તિ છે. અષાઢ માસ શરૂ થતાં જ વરસાદના આગમનની પ્રતિક્ષા થાય એ સહજ ક્રમ છે. ઘોર અષાઢી પંચમીને વાદળ હોય ના વિજ વેચો બળદ હળને નિપજે ના કંઈ ચીજ આવો એક દુહો પણ યાદ આવે છે. ભડલી વાક્યો મુજબ વર્ષા ઋતુ આવે તેની લોકો રાહ જોતા - ગામડાઓમાં દાનનો મહિમા હતો - કદાચ એ લોકોની સર્વ સામાન્ય જીવનશૈલીનો હિસ્સો હતો. મંદિરો સવાર સાંજ દર્શને જવું, જે ભિક્ષાવૃત્તિથી ઘર સુધી આવે તેને માનથી યથાશક્તિ આપી ને રાજીપો મેળવતા. આઝાદી દેશમાં આવ્યા પછી ૧૯૮૦ સુધી વૈચારિક, નૈતિક, સામાજિક પતન ઊભું થતું ના જોયું જે ત્યારબાદ શરૂ થયું અને અટકવાની કોઈ નિશાની જણાતી નથી. પૂ. દાદા સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા જેના કેન્દ્ર બધા જ ગામડાઓમાં ચાલતા અને પાંડુરંગ દાદા કહેતા કે - હાંક મારતો મદદ તૈયાર છે, લેના દેના બંધ હૈ ફિર ભી આનંદ હૈ !! એક વિચારધારા જે શુદ્ધ ચોવીસ કેરેટના સોના જેવી ઊભી થયેલી એ ક્રમશઃ લુપ્ત થઈ ગઈ છે. ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય અને ગામની ભાગોળે નદીમાં પુર આવ્યું હોય તેવા ભીના ભીના વાતાવરણમાં ઉત્સવોની ક્ષણો ઓછી પડતી - શિતળા સાતમે ડુંગર ઉપર માતાજીના મંદિરે નાની નાની કેડી ઉપર ચાલીને જતા આજુબાજુમાં જયાં નજર કરો ત્યાં બધે લીલુછમ્મ મદમસ્ત કુદરતનું જ દશ્ય હોય ત્યારે કોઈ નેટ, સેલ કે સેલ્ફી ના હતી ને લોકો નિર્મળ હતા.

ગ્રામ્ય જીવન સવલતો વિનાનું છતાં મધુર અને ઉમદા હતું. ક્રાંકચ ગામ (જી. અમરેલી)ના એક છેડે શેત્રુંજીનદી અને ત્યાં ગાગડીયો નદી તેમાં ભળતી અને આ નદી બારમાસી હતી નદી કિનારે નાના મંદિર-ગૌચર-ઝાડી વગેરે હતું અને ખુબ વરસાદ હોય તો આ ગામ સંપર્કવિહોણું થઈ જતું પાકા રસ્તા પણ હતા નહીં, બસ, આ ગામના જૂના મંદિરોમાં જે ઝાલરૂ વગાડી કે કુલેર ખાવી કે ધૂન બોલાવીને જે આનંદ પ્રાપ્ત થયો એ હવે કયાં ? ક્રાંકચમાં તો સિંહોનું નિવાસસ્થાન મીની ગિર બનાવી દીધું !! ટૂંકમાં બાળપણમાં જે નિર્દોષ દુનિયાનો આનંદ મળ્યો એ હવે વધુ મોહ લોભ લાલચની સ્પર્ધાત્મક જગતમાં શોધ્યો જડે તેમ નથી ! ચોમાસું ઉત્સવોની ઝોળી લઈને આવે ધરતી ઉપર નીર અને માનવ જીવનમાં હીર! નૂરહીન ચહેરા ઉપર હરખની હેલી લાવે એ ઋતુ એટલે ચોમાસું. તેના મૂળમાં આપણી અર્થતંત્રની પૅટર્ન ખેતીપ્રધાનતા જ છે. શ્રાવણ માસ શરૂ થઈ ગયો છે પણ લોકો અષાઢ જતો રહ્યો એ યાદ નથી. તેને એસ.એમ.એસ. સૂત્ર (સામાજિક અંતર, માસ્ક અને સેનીટાઈઝેશન) જ જીવન લાગી રહ્યું છે - મન કશું માનવા પણ તૈયાર નથી છતાં કડવી કોરોનાની મહામારીથી ભાગી શકાય તેમ પણ નથી. શ્રાવણમાં દેવોના દેવ મહાદેવની કૃપા પ્રાપ્ત કરવાનો સુંદર અવસર મળે છે. ભોળાનાથ બહુ જ કૃપા કરે છે. હૃદયની ભીનાશ ભક્તિમાર્ગે પૂર્વ શરત હોય છે. એક વાર નારદજીને કોઈએ પૂછયું કે બીજા કોઈ દેવો નહીં અને શંકર ભગવાનને જ કેમ મહાદેવ કહેવામાં આવે છે? અને ત્યારે નારદજીએ બહુ સુંદર જવાબ આપ્યો -

શંકર ભગવાન ભોળાનાથ છે જલ્દી પ્રસન્ન થઈ જાય છે જેને પોતાના કંઠમાં નીલવર્ણ હળહળતું વિષ લઈને બેઠા છે. જેની માથે સાક્ષાત ગંગાજી બિરાજે છે અને સ્વયં તો પૂજાય પરંતુ તેમના પત્ની પાર્વતી પણ પૂજાય, અને તેમનાં સંતાનો ગણેશ અને કાર્તિકેય પણ પૂજાય છે. એટલું જ નહીં તેમની વહુઓ રિદ્ધિ-સિદ્ધિ પણ પૂજાય છે!! પૌત્રો લાભ અને શુભ પણ સર્વત્ર પૂજનીય સાથે શિવજીનું વાહન નંદી પોઠિયો પણ પૂજાય છે, તેમના શસ્ત્ર ત્રિશૂળ પણ પૂજાય છે તો ઘરેણા એટલે કે નાગ દેવતા પણ પૂજાય છે આમ જેનું સર્વત્ર પૂજન થાય તેવા દેવને મહાદેવ કહેવામાં આવે તે ભગવાન ભાવનાના ભૂખ્યા છે એવું બધા કહે છે અર્થાત્ ભાવવિશ્વ જ મુખ્ય છે !!

માનવના દિલો-દિમાગમાં કમાણી કે નાણા મેળવવાનું એક ભૂત દાખલ થઈ ગયું છે જે આપણા લોકબોલીમાં ભ્રષ્ટાચાર છે. ભગવાનથી નાણા કદી મોટા બનવા ના જોઈએ, પણ દુનિયાદારી એ આવું થવા દીધું એટલે નકલી ઈન્જેકશનો, નકલી સેનીટાઈઝર, બધું ઊંચા ભાવ લઈને હોસ્પિટલોમાં વેચાયું કેટલી શર્મનાક ઘટના થઈ ? માણસ જ માણસનો નાશ કરે ત્યારે તેઓના હાથનું જળ કે પંચામૃત ભગવાન શિવજી સ્વીકારે ખરાં ?? જરા મંથન કરવા જેવું છે. સંબંધોની ગરીમા ને નષ્ટ કરી સદાચારથી ભાગતા જ રહ્યા એટલે કોરોના આવી ગયો છે એ નક્કી હકીકત છે તેને વિજ્ઞાનની દષ્ટિથી જોશો તો નહીં દેખાય ! આપત્તિ આપનાર કે પરત લઈ લેનાર એ પરમેશ્વર જ હોય છે. ભગવાનની ઉપર શ્રદ્ધા હોય તો સ્વયં પરિણામોનો અનુભવ પણ થતો રહે છે. પ્રેમ એટલો વ્યાપક બનાવો કે ઘૃણા અને નફરત ચિમળાઈ જાય અને શુદ્ધ લાગણીમાંથી નિર્મળ કલ્યાણકારી વિશ્વનો ઉદય થાય. શ્રાવણ માસમાં દેવાધિદેવ શંકર ભોળાનાથ કોવિડ રાક્ષસનો સંહાર કરે તેવી હૃદયની પ્રાર્થના અને ૐ નમઃ શિવાય...

**શેર આસ્વાદ :**

**હે ઈશ્વર અરીસો સાફ કર્યો**
**તો હું દેખાયો**
**અને હું ને સાફ કર્યો**
**તો તું દેખાયો.**